# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ – ૩૮૮ ૧૧૦

વંચાણે લીધો: આ કચેરીના પત્ર નં.આકૃયુ/રજી/પરીક્ષા/યુજી-૨/૬૨૫૮/૧૪, તા.૮/૧૧/૨૦૧૪

## -: પરિપત્ર :-

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કોલેજો માટે નિયામકશ્રી, આઇ.ટી. અને આચાર્ય/ડીનશ્રી, એ.આઇ.ટી. કોલેજ, આણંદ ધ્વારા સ્નાતક કક્ષાના વિધાર્થીના પ્રવેશથી ઉતીર્ણ થાય ત્યાં સુધીની વિગતોનું ઓનલાઇન સોફ્ટવેર તૈયાર કરેલ છે. જેની માર્ગદર્શક Key વંચાણે લીધેલ પત્રથી તેમજ E-mail ધ્વારા પણ મોકલી આપવામાં આવેલ છે.

આ સોફ્ટવેરનું કોલેજના શિક્ષકો, એકેડેમીક સ્ટાફ તેમજ આચાર્યશ્રી ધ્વારા ઉપયોગ કરવાનું હોઇ કોલેજો ખાતે આ સોટફવેરના માર્ગદર્શન સપ્ટેમ્બર-૨૦૧૪ દરમ્યાન આપવામાં આવેલ છે. તે અનુસંધાને વર્ષ:૨૦૧૪-૧૫થી અમલીકરણ કરવાનું રહેતું હતું. તે પૈકી એગ્રી. ઇન્ફોમેશન ટેકનોલોજી કોલેજ, અને ફુડ પ્રોસેસીંગ ટેકનોલોજી એન્ડ બાયો એનર્જી કોલેજ તરફથી સોફ્ટવેર મુજબ કાર્યવાહી હાથ ધરેલ છે.

ઉક્ત વિગતે મોટાભાગની કોલેજો તરફથી ગતવર્ષ દરમ્યાન અમલીકરણ થયેલ નથી. આ બાબત ઉચિત જણાતી નથી. આ અંગે મુશ્કેલી હોય તો પ્રો. મયુર રાજ, મદદનીશ પ્રાધ્યાપકશ્રી, એ.આઈ.ટી. કોલેજ, આણંદનો સંપર્ક કરવા જણાવેલ છે, પરંતુ ગતવર્ષ દરમ્યાન જે કોલેજો તરફથી અમલીકરણ કરેલ નથી તો વર્ષ ૨૦૧૫-૧૬થી કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

આ બાબતે શિક્ષકોના સહકારથી જ સોફ્ટવેરનું સંચાલન શક્ય બની શકશે, તો ચાલુ વર્ષ:૨૦૧૫-૧૬થી અમલીકરણ કરવા માટે તમામ કોલેજોના આચાર્યશ્રીઓ દ્વારા અમલીકરણ કરીને તેની જાણ આ કચેરીને E-mail ધ્વારા કરવા વિનંતી કરવામાં આવે છે. ચાલુ વર્ષથી કોલેજો તરફથી સોફ્ટવેર દ્વારા તૈયાર કરીને મોકલવામાં આવનાર રીઝલ્ટ સ્વીકારવામાં આવશે જો તે મુજબ નહીં મોકલવામાં આવે તો, પરિણામે જે કઇ પરિસ્થિતી ઉપસ્થિત થશે તેની જવાબદારી જે તે કોલેજોની રહેશે જે જાણ સારૂં.

પ્રસ્તુત પરિપત્ર કુલપતિશ્રીની ફાઇલ ઉપર મંજુરી મેળવી જારી કરવામાં આવે છે.

કુલસચિવ

જા.નં.આકૃયુ/રજી/પરીક્ષા/યુ.જી.-૨/૬૯૦૯-૧૧/૨૦૧૫
તા.૧૫/૧૦/૨૦૧૫

**<u>નકલ સવિનય રવાના :</u>**

૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
૨) અત્રેની યુનિવર્સિટી હસ્તકની તમામ કોલેજ તરફ જાણ તથા અમલ કરવાન સારૂ.
3) પ્રો. મયુર રાજ, મદદનીશ પ્રાધ્યાપકશ્રી, એ.આઈ.ટી. કોલેજ, આણંદ તરફ જાણ તથા અત્રેની યુનિવર્સિટી હસ્તકની તમામ કોલેજોને જરૂર જણાય આ પ્રકારની ટ્રેનીંગ આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવા સારૂ.

C:\Users\pc1\Desktop\Ankita-UG-2\-UG-2-\Paripatra.docx